નમસ્કાર ગાંધીનગર

પમરાટ

રોજ સવારે
ઝાકળના દર્પણમાં
પોતાનો
ચહેરો જોઇને
સૂરજ થઈ જાય છે
રાતોમાતો !
રોજ સવારે
ફૂલોને ખીલીને
ઝૂલવાનું હોય છે
ઝાકળ-બુંદનો
ભાર ઝીલીને.

- રમેશ શાહ

પાથેય

- રમેશ ઠક્કર

ઝાકળની જીવનચર્યા...

કાવ્યનો દેહ ભલે ઘણીવાર નાનકડો હોય પરંતુ એનો આંતરિક વ્યાપ અમર્યાદ હોય છે..જેમ પદાર્થનો અણુ હોય છે એ રીતે શબ્દના પણ અણુ અને પરમાણુ હોય છે ! એની નાભિમાં જબરજસ્ત ઉર્જા રહેલી હોય છે.કવિનો હાથ એને અને એટલે એક કોમળ વિસ્ફોટ થાય છે..શબ્દનો જે લાવા પથરાય છે એ જયારે ઠંડો પડે છે ત્યારે એમાંથી ફળદ્રુપ ધરતીનું અવતરણ થાય છે..દુનિયામાં અચરજો પારાવાર છે..આપણી આંખો મોટી ઘટનાઓ જ જોતી રહે છે..વિસ્મયનો ખરો વૈભવ કયારેક નાની અમથી ચીજમાં ધરબાઈને પડયો હોય છે..સવારના પહોરમાં મોતીના બિંદુઓ જેવું સહજ પ્રગટતું ઝાકળ આવી જ એક અજાયબી ગણી શકાય..આપણે ઝાકળને સરસાઈ નજરથી જોઈ લઈએ છીએ..અને એટલે જ ઘણીવાર મૃગજળ અને ઝાકળના ભેદ પણ પાણી શકતા નથી..મૃગજળ એ એક છલના છે..ઝાકળ એમ જોઈએ તો ભલે અલ્પ સમયનો પણ એક વાસ્તવ છે ! કવિઓ કલ્પના પણ જારી કરે છે..ઝાકળ એ સૂર્યકિરણોનું દર્પણ છે. જેમાં વહેલી સવારનો રતુંબડો સૂરજ પોતાનું વદન જોઈ જગતને સ્માઈલ આપે છે..

એનું બીજું નામ ઓસ પણ છે. પણ ઝાકળ એ જ આમ તો એને ઓળખવા માટેનો યોગ્ય શબ્દ છે..એની જાત નાજુક છે..એની પાસે જીવવાની અમુક જ પળો હોય છે તોય પણ એની જે ખુમારી હોય છે એ ગજબ હોય છે..પુષ્પ જેવા પુષ્પ ઉપર એની સવારી હોય છે !એ અનોખા અસવાર જેવું છે.ડાળ ઉપર રોજ ખીલતાં ફૂલો એનું રસપાન કરીને લીલાછમ બને છે..ઝાકળનાં બિંદુઓનો નાજુક ભેર લઈ ઝૂલતી ડાળ પાંદડીઓ કોઈ મુગ્ધ કન્યાઓની કમ નથી હોતી ! ઝાકળ પુષ્પને જીવાડે છે કે ફુલો એ જ ઝાકળનું જીવન છે એ સમજવામાં જ આયખું પુરૂં થઈ જાય..એનો રંગ કે એના દેહનું માપ લેવું એટલે પાણીમાં જાણે ડિઝાઇન દોરવી.જગત કેટલું ભ્રામક છે એ અનેક ગ્રંથો વાંચતાં પણ કદાચ ના સમજાય..એકાદ દિવસ જો ઝાકળની જીવનચર્યા જોઈ લઈએ તો આ વાત ઘડીકવારમાં જ સમજાઈ જતી હોય છે..

પરોઢ એ એના પિયર જેવું છે..સાંજનું ઝાકળ' એવો શબ્દ જ ના હોય ! વહેલી સવારે જે ચહલપહલ હોય છે એ નીરખવા જેવી હોય છે..આમ તો પક્ષીઓની દિનચર્યાને આ બધા ફેરફારો સીધી અસર નથી કરતા પણ તોય આજકાલ વ્હેલી સવારે સમુહમાં નિકળતી એમની સવારી ગગનને કોરસમય બનાવે છે..ખીલતા પરોઢનું કોરસ ખરેખર ગોરસનો વિરહ અનુભવે છે..મંદિરના ઘંટારવના સૂર કે

અનુસંધાન પાના નં. ૭ પર

ઘરના ભૂવા અને ઘરના જાગરિયા

તંત્રીસ્થાનેથી...

અગાઉ રાજાશાહીના જમાનામાં રાજપુરોહિત, રાજકવિ જેવી વિશિષ્ટ પ્રતિષ્ઠાભરી વ્યવસ્થા રહેતી જેમાંથી આપણને કવિ કાલિદાસથી લઈ મિર્ઝા ગાલિબ સુધીની મહાન પ્રતિભાઓ સાંપડી છે. રાજગુરુ અથવા રાજપુરોહિત તરીકે વસિષ્ઠ જેવા મહર્ષિઓ રહેતા. અંગ્રેજોની સરકારે પણ પોએટ લોરિએટ જેવી સંસ્થા બ્રિટનમાં તો ચાલુ રાખી હતી પરંતુ ભારતની બુદ્ધિ પ્રતિભાને ઓછી આંકતા હોઈ અહીંના બૌદ્ધિકોને બહુ બહુ તો 'સર' નો ઈલકાબ આપી રાજી કરી દેવાનું વલણ રાખેલું. ભારતનો આત્મા તો દૂરદરાજનાં ગામડામાં વસે છે. વળી ભારતમાં એકેશ્વરવાદ પણ નથી ચાલી શક્યો. દયાનંદ સરસ્વતીએ વૈદિક સનાતન ધર્મના અનુસરણની વાત રજૂ કરી જેને કારણે મૂતિપૂજકો અને સંપ્રદાયિકો એમના દુશ્મન બન્યા હતા. આપણી અભણ, નિરક્ષર પ્રજા માટે વેદ, ઉપનિષદ કે પુરાણ ઘણી દૂરની ચીજ છે. એને તો સ્થાનદેવતા અને લોકદેવતા સાથે નિસબત છે. મેલડી, શિકોતર કે ચેહર જેવી માતાઓથી પણ આપણો ગ્રામીણ સમાજ પ્રાકૃતિક તત્ત્વોમાં શ્રદ્ધા ધરાવે છે. એ ડુંગરને અને નદીને પૂજે છે. ખારવા દરિયો ખેડવા જાય એ પહેલાં દરિયાલાલની સંમતિ મેળવી લે છે. મુસ્લિમો એકેશ્વરવાદી હોવા છતાં પીર પર શ્રદ્ધા રાખે છે. ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની અજમેર સ્થિત દરગાહ પર શહેનશાહ જલાલુદ્દીન અકબરથી લઈ અદનો દેવીપૂજક જઈને બાધા રાખે છે અને એ જ રીતે શિરડીના સાંઈબાબા કે પુટ્ટપર્તિના સાંઈ તરફ લોકોને કેટલી ઊંડી શ્રદ્ધા છે તે સર્વવિદિત છે. રામદેવપીર અને જેસલપીરને બેઉ કોમો માને છે એવું જ હાજીપીરનું સમજવું. નાગપૂજા પરંપરાથી ચાલી આવે છે અને ગ્રામીણ પ્રજા પાસે પૈસા આવતાં ઠેકઠેકાણે ગોગાનાં મંદિરો બંધાઈ ગયાં છે. લોકદેવતાઓ, ગોગ અને 'માતા'ના ભૂવાનું પણ લોકમાં ઘણું મહત્ત્વ હોય છે.ભૂવાજીને લોકો સીધા જ દૈવી તત્ત્વના પ્રતિનિધિ ગણે છે. માતાનો પાટ પૂરાતં કે રમણ વખતે ભૂવાની મન મૂકીને ધૂણે છે અને લોકો એમની આગળ પાઘડી ઉતારીને કુશળક્ષેમ રહેવાની અરજ ગુજારે છે. ભૂવાજી ડાકલાના તાલ સાથે કચકચાવીને ધૂણતા ધૂણતા જે સૂઝે તે અડધું પડધું સમજાય અને અડધું પડધું અધ્ધર જાય એવું બોલે છે. છેવટે 'કહોળ, કહોળ, કહોળ' કઈ એ નોર્મલ સ્થિતિમાં આવે છે. આવા ભૂવાઓ વિશે અગાઉ બૌદ્ધિક સમુદાયોમાં ઘસાતો અભિપ્રાય પ્રવર્તતો હતો. પરંતુ આર્થિક સમૃદ્ધિ આવતાં ગ્રામીણ પ્રજા જ શહેરનો કબજો લઈ બેઠી છે ત્યારે શહેરોમાં પણ ઘણી આધુનિક સોસાયટીઓ અને બંગલાઓમાં આખી આખી રાત લગી ભૂવાઓ રમણે ચડતા સાંભળવા મળે છે. એમની કવિત્વમય 'રેડી' કે 'રડી' ઘણી અર્થસભર હોય છે. ભૂવાઓ રડીઓ રડવતા જાય, ડાકલાં વાગતાં જાય, લોકોને તો સાક્ષાત માતાજી જ પંડમાં આવેલાં વરતાય. બધાં અભિભૂત થઈ આશીર્વાદ માંગતા રહે. ભૂવાઓનું વર્ચસ્વ એટલું વધી ગયું છે કે હવે તેઓ રાજકારણમાં પણ હાજરી નોંધાવવા લાગ્યા છે. એક લોકગાયક ઠાકોર ભૂવાજી વચ્ચે 'આપ'મં જોડાયેલાં. પાછળથી ભાજપવાળા એમને રંગેચંગે લઈઆવ્યા. ભૂપેન્દ્ર પટેલ સરકારના એક મંત્રી પોતે રાખડીબંધા ભૂવા છે. હમણાં એમને પોતાના ગામમાં ઓચ્છવ કર્યો અને મન મૂકીને ધૂણ્યા. માતાજીની ચુંદડી ઓઢીને ધૂણ્યા અને સાંકળ વઢે ખુદ પોતાની પીઠ પર પ્રહારો કરી દેવીને રીઝવ્યા. એમને આ એકવીસમી સદીના બુદ્ધિજીવીઓ પોતાના વિશે શું વિચારશે એની ફિકર નથી. પહેલાંતી જ માતાજીનું શરણં સ્વીકારેલું છે. પ્રધાનપદું તો આજ છે ને કાલ નથી ! આ ભક્તિ અને શ્રદ્ધા એને કારણે થોડી જ છોડી દેવાય ? ભૂપેન્દ્ર પટેલ પોતે દાદા ભગવાન પંથના 'જ્ઞાની' છે. એ મુખ્યમંત્રી પદ મળતાં જ દીપકભાઈ દેસાઈને પગે લાગવા પહોંચી ગયા હતા. જૈન ધર્મની ગણતરી મુજબ અત્યારે સીમંધર સ્વામીનું શાસન ચાલે છે. મુખ્યમંત્રી સીમંધર સ્વામીને મૂર્તિને પગે લાગીને જ ઘરે બહાર પગ મૂકે છે. શ્રદ્ધા જેનું નામ. પથ્થરને પણ એ દેવ બનાવી દે છે. માનવીની અંતર્નિહિત શક્તિઓ પૂરબહાર ખીલી ઊઠે છે અને પાસા પોબાર પડે છે. એટલે ભૂવાજી તરીકે ઓળખાતા મંત્રીમહાશયને તબીબો ભલે મનોરોગી ગણી કાઢે પણએ જ ધૂણીને મેળવેલી ઊર્જા એમને પ્રજા હિતનાં કાર્યો પાર પાડવામાં મદદરુપ બનતી હોય તોય કોને ખબર ?

આપણે ભાષામાં કેટલું સાચું ને ખોટું બોલીએ છીએ !?

આરપાર
રાઘવજી માધડ

આ સ્કૂલ-કોલેજના એડમિશન માટેનો સમય-ગાળો છે. સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી...અને વળી તેમાં અંગ્રેજી કે ગુજરાતી માધ્યમની સ્કૂલમાં એડ્મિશન લેવું તેની મહામૂંઝવણ ગરમીના માફક જ વાલીને અક ળાવી રહી હશે.સંતાનની સમજ, કૌશલ્ય, આવડત,રસ-રૂચી...જેવા ગુણો ગૌણ બની જાય ને માત્ર મેરીટ મેદાન મારી જાય એવી નિર્માલ્ય સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ ત્યારે...જ્યાં જાતે એડ્મિશન લેવાનું હોય ત્યારે, જે સ્કૂલ-સંસ્થા પસંદ કરવામાં આવે ત્યાં જ શું કરવા એડ્મિશન લેવું છે ? આ સવાલના ખુદને સાચા જવાબ મળે તો જરાય મોઢું ન કરવું પણ જવાબ ન મળે તો જરૂરથી ફેરવિચારણા કરવા જેવું ખરું !

એક દંપતી તેમનાં બાળકને લઈ મળવાં આવ્યું.તેમનું કહેવું હતું:'ઇંગ્લિશ મીડિયમમાં ભણે છે. ચોથા ધોરણમાં આવ્યો,કાંઈ આવડતું નથી !'દંપતીને પૂછવાનું મન થઈ આવ્યું:'આપની અપેક્ષા પ્રમાણે બાળકને શું આવડવું જોઈએ ?'પણ તેઓએ બળાપો કાઢતા કહી દીધું:'અંગેજી ને ગુજરાતી બેઉમાં કાચોને પાછો પડે છે,શું કરીએ..!'પડખે બેઠેલા પતિદેવ બોલી ગયા:'બાવાના બેઉ બગડ્યા જેવું થયું છે...'પણ વિવાદ આગળ વધતો અટકાવતા કહ્યું:'હજુ કાંઈ બગડી નથી ગયું.જાગ્યા ત્યાંથી સવાર સમજી, ગુજરાતી મીડિયમમાં મૂકી દો !'ઉમેરીને કહ્યું:'સારું ગુજરાતી શીખશેતો અંગ્રેજી પણ આવડશે !' આ દંપતીને સાચું ને સમયસર કહ્યું તેથી અભિનંદન આપવા ઘટે. ઘણાં તો આવું કહેતાં પણ નાનપ અનુભવતા હોય છે !

આપણે ત્યાં જ્ઞાતિ,પ્રદેશ અને વિસ્તાર...પ્રમાણે વિવિધ બોલીઓ પ્રવર્તે છે.બોલી વારસામાં મળે છે.પણ આ બોલીના લીધે ક્લાસરૂમમાં શિક્ષક,વિદ્યાર્થી વચ્ચે અસરકારક પ્રત્યાયન થઈ શકતું નથી. બોલીનાં પ્રભાવમાં સાચું ગુજરાતી બોલવા, ઉચ્ચારવામાં ફાંફા પડે છે ને અંગ્રેજી માધ્યમનું વળગણ વધતું જાય છે. હા,અંગ્રેજી આવડે,સારું શીખે તે સમયની માંગ છે.પણ જેની માતૃભાષા સારી હોય તેની અન્ય ભાષા સારી હોઈ શકે.બીજી ભાષા શીખવા માટે,માતૃભાષાનું પૂરતું જ્ઞાન અતિજરૂરી છે.પણ આપણે ત્યાં ઘણાં કિસ્સાઓ માં ન અંગ્રેજી, ન સાચું ગુજરાતી બોલતાં આવડે...અંતે બાળકનો શૈક્ષણિક વિકાસ અટકીને છટકી જાય છે.

વરસો પહેલા દિલ્હીના કોનોટ પ્લેસ પર સૌરાષ્ટ્રની અમુક સમાજની બહેનોને, ટ્રેડીશનલ પોશાકના વેપાર અર્થે ફોરેનર્સ સાથે અંગ્રેજીમાં સંવાદ કરતી સગી આંખે જોઈ છે.માત્ર ભણવાનું માધ્યમ જ નહીં, વ્યવહાર ભાષાને શીખવે ને કેળવે છે.બોલી,માતૃભાષા ને અંગ્રેજીના સ્વભાવ વગરના પ્રભાવથી આપણે રોજ-બરોજના ઉપયોગમાં કેટલું સાચું ગુજરાતી ને કેટલું ખોટું અંગ્રેજી બોલીએ છીએ...એ બેઘડી વિચારવા જેવું છે ! હા,આપણે ત્યાં કહેવત છે:ભાષાને શું વળગે ભૂર,રણમાં જીતે તે સૂર...પણ સંતાનના ભાવિનો સવાલ હોય ત્યારે,ગાડરિયા પ્રવાહમાં તણાતા પૂર્વે માધ્યમ માટે શાંત ચિત્તે વિચારવા જેવું છે.ગાંધીજીએ માતૃભાષાને માતાના ધાવણ સાથે સર ખાવી છે. બાળક માટે ધાવણ સર્વાહાર સમાન છે તેમ, ભાષાનું મા ધ્યમ સાક્ષરી વિષયોનું જ્ઞાન પૂરું પાડે છે. આ ટેકનોલોજીના યુગમાં વ્યક્તિત્વનાં વિકાસમાં માતૃભાષાનું મહત્વ ઓછું આંકવા જેવું નથી.બોલે તેનાં બોર વેચાયનો જમાનો છે.પણ બોલવા માટે ભાષા,શબ્દો જોઈએ.

સમગ્ર જનજીવન હવે પૂર્વવત થવામાં છે.ભણ્યા-નભણ્યા પણ પરીક્ષાઓ લેવાઈ છે...ને માસ પ્રમોશનનો લાભ પણ આપવામાં આવ્યો છે ત્યારે ક્યાં એડ્મિશન લેવું તે બહુ જ અગત્યનું છે.માત્રને માત્ર આર્થિક ઉપાર્જનનો ઉદેશ્ય હોય તો પણ પહેલથી વિચારવા જેવું ખરું. સાથે સાથે ગુજરાતી ભાષાને પ્રાધાન્ય આપવાનો આ અમૂલ્ય અવસર છે. ઘરમાં, સંતાનો સાથે વાતચીત કરવાનું બને ત્યારે તેની ભાષા બાબતે વિચારીએ છીએ ! માતૃભાષામાં મૌલિક એક ફકરો પણ લખી શકે છે? જેની માતૃભાષાની સર્જન શીલતા મરી પરવારી હોય તેનાં પાસે મેરીટ જરૂર માગી શકાય પણ ભાવ, લાગણી, સંવેદનાની ઉઘરાણી ન થઈ શકે.માતૃભાષા સંવેદનાને ઘડે છે,સંસ્કારને ઉજાગર કરે છે...ને અંતે એક ઉત્તમ માણસનું નિર્માણ કરે છે !

છેલ્લે : શિક્ષક ક્લાસરૂમમાં વરસાદની કવિતા ભણાવ્યાં પછી વિદ્યાર્થીઓને ભીંજાવું,પલળવું...વિશે પ્રશ્નો પૂછતા હતા અને બહાર ઝરમર...ઝરમર વરસાદ વરસતો હતો !

http://raghavjimadhad.blogspot.com

દિન મહિમા

●સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષક આંતરરાષ્ટ્રીય દિવસ

આજનું

ઔષધ

●ચામડીના રોગોમાં લીમડાના પાન પાણીમાં ઉકાળી નાહવાથી લાભ થાય છે.

ખડખડાટ

● એક બહેન દુકાનદારને : ભાઈ આ સાડીનો ભાવ શું છે ?
દુકાનદાર : બહેન માત્ર ૨૯૯૯/- રૂ.
બહેન : અરે ભાઈ આટલો ભાવ તો કંઈ હોતો હશે? કંઈક વ્યાજબી કરો દર વખતે તો તમારે ત્યાંથી જ લઈ જાઉં છું.
દુકાનદાર : બહેન... ભગવાનનો ડર તો રાખો હજી કાલ તો ઓપનિંગ કર્યું અને તમે ?

આજનો

વોટ્સએપ

● બધા માનતા હોય એમાં માનવું એ માન્યતા પણ કોઈ ન માનતું હોય એમાં માનવું એનું નામ વિશ્વાસ.

રસ્તા કાઢવાની મુંઝવણ....

હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

ગાંધીનગરના રસ્તા પર મુંઝાવવાની મઝા છે. અહીં બધા વારંવાર 'સાહેબ, કંઈક રસ્તો કાઢો' એવું બોલતા સંભળાય. એના રસ્તાઓ પહોળા છે અને રહસ્યમય છે. અહીં કક્કો વેરાયેલો છે, અને તાજેતાજો ઈતિહાસ વાવેલો છે.અહીં 'ક' કન્ફ્યુજનનો છે તેટલો જ 'ક' ક્લેરિટીનો છે. ચંદ્રભદ્ર આ નગરમાં પ્રવેશતાં જ કશીક મિશ્ર અનુભૂતિ કરી રહ્યા છે. એમને ખબર નથી પડતી કે એ કશુંક સમજવા આવ્યા છે કે પોતાની સમજ ગુમાવવા આવ્યા છે. જો કે આવું અનુભવનારાઓની સંખ્યા ખુબ જ ઓછી છે. ગુજરાતીભાષાના મુળાક્ષરોથી શોભતા માર્ગો જોઈને ચંદ્રભદ્ર મનોમન પોતાને કોઈ સમજી શકશે એવા વહેમમાં આવી ગયા હતા. એમણે એવું થતું હતું 'ચાલો, ૧૦૦% ભણેલા નગરમાં આવ્યો છું તો પ્રગતિ પામેલા ગુજરાતના બુધ્ધિધનને મળવાનો 'બૌધ્ધિક સંતોષ' મળશે. પણ મનને આ સંતોષ પર વિશ્વાસ નહોતો. એમના ઉચ્ચારણોથી મુંઝવણ થવા લાગી. લોકોમાં સમજને બદલે ગેરસમજ વધતી લાગી. ગઈકાલે રાત્રે એમને નિરંજન મહેતાના પડોશીઓએ કહ્યું, ' તમારા મહેમાનને કહો, નીચે આવે. સાદી ગુજરાતી બોલે. આ પાટનગર છે, સરસ્વતીચંદ્રના કોઈ પાત્રનો અભ્યાસખંડ નથી..' આવી સ્પષ્ટ વાતોથી ચંદ્રભદ્ર ખિન્નતા અનુભવી રહ્યા હતા. નિરંજન મહેતા 'ટીપીકલ કહેતાં લાક્ષણિક મુંઝવણમાં હતા. એમના મહેમાન આવે એવી એમને મહેચ્છા હતી પણ હવે આવી ગયા છે ત્યારે એ ક્યા ક્યા પ્રકારના વિઘ્નો ઉભા કરી શકે એમ છે એનો ખ્યાલ આવતો જાય છે. ગાંધીનગરમાં કોઈનુંયે સ્વાગત થતું નથી, કરાવવાનું હોય છે. એ ન્યાયે એણે પાંચ પડોશીઓને 'સ્વાગત-ચા' બોલાવેલા ત્યાં જ આ બધા ચંદ્રભદ્રની ભાષા ઉપર પ્રશ્નો ઉઠવા લાગ્યા. બધા આવી ગયા હતા. ચંદ્રભદ્ર એમના ઓરડામાંથી એક પાતળું વાદળીકિનારવાળું ધોતિયું, કોઈ લાંબા જીઆરને ટુંકમાં સમજાવવા દોરેલા કોઈ આડાઅવળા ખાના દોર્યા હોય એવા ખાના વાળું પહેરણ, માથા ઉપર એમની સમજણ કરતાં ઘણા વધારે વાળ અને અનુભવને લીધે ભરેલો લાગતો ભરાવદાર ચહેરો. પગમાં ગ્રામ્ય-અર્થકારણને મજબુત કરવા વિકસાવેલા ખાસ ગાંધીવાદી ચપ્પલ. પડોશીએ આશ્ચર્ય, શોક, આનંદ અને ગૌરવ જેવી મિશ્ર લાગણીઓથી દ્રશ્ય ઝીલ્યું. કોઈને સમજણના ના પડી કે આવેલા મહેમાનનું સ્વાગત કેવી રીતે કરવું. કોઈએ અડધું બગાસુ ખાધું, કોઈએ ગુડઈવનિંગ અડધા ખુલેલા હોઠથી કીધું, એકજણે બેદરકારીથી 'જયશ્રીકૃષ્ણ' કહ્યું. ચંદ્રભદ્ર જેની શાકભાજી વેચાઈ નથી એવી કોઈ શાકવાળીબાઈ જેવું મોં કરીને પ્રતિભાવમાં અધકચરું અભિવાદન ઝીલ્યું.

ચંદ્રભદ્રના યજમાન નિરંજન મહેતા ખુશ હતા કે નહીં તે પામી શકાય એમ નહોતું. તે સરકારમાં ચાલીસ વર્ષથી નાના મોટા કોયડાઓ ઉકેલતા ઉકેલતા પોતે જ એક કોયડો બની ગયા હતા. એમની ઉંમર કરતાં વધારે જાડા કાચવાળા ચશ્મા, બિલકુલ કશા પણ 'એક્ષ્પ્રેશન' વિનાની આંખો, અનુભવી અધિકારીને શોભે એવું અડધી-સ્લીવવાળું શર્ટ, જુનું કૉફી-રંગનું પેન્ટ, અડધા ઓળાવેલા વાળ અને 'સેલ'માંથી ખરીદેલ સ્લીપર સાથે પ્રવેશીને તદ્દન ઠંડો સરકારી લાગે તેવો આવકાર આપી પડોશીમિત્રોને ચંદ્રભદ્રને પરિચય કરાવવા માંડ્યા.

'આ મહેતાભાઈ... ' પછી ઉંડો નિઃશ્વાસ, આને નરસિંહ મહેતા કે હર્ષદ મહેતા સાથે કશો જ સંબંધ નથી. આ વી.પટેલ, આ રુદ્ર મકવાણા, આ કેતકી મહેતા, આ સુનંદા પટેલ.. આ યુવાન છે તે સંદીપ, ક્રિકેટર છે. આ ઝીનલ મોટી ગરબા ઓર્ગેનાઈઝર છે..ચન્દ્રભદ્ર ખુબ જ મુંઝવણભરી પ્રસન્નતાથી પીડાતા હતા. માતૃભાષાનો આવો મહિમા ! જ્યાં રસ્તા આવી રીતે કક્કાવારીથી શોભી રહ્યા હતા.. 'એવું નથી, વડીલ..! ' રાહુલ મહેતાએ વાતને વાળી.. અહીં ક એટલે કચકચિયા, ખ એટલે ખટપટિયા, ગ એટલે ગરબડિયા, ઘ એટલે ઘરભરનારા, ચ એટલે ચાંપલા અને છ એટલે છટકેલ મગજવાળા લોકો બહુ છે.. જો કે તરત જ વિષ્ણુ પટેલે કહ્યું, 'આની સામે તમે જુદી રીતે જુઓ તો ક એટલે કર્મશીલ, ખ એટલે ખંતીલા, ગ એટલે ગતિશીલ અને ઘ એટલે ઘનિષ્ઠ મિત્રતાવાળા, ચ એટલે ચતુર અને છ એટલે છત્રશીલ... દરેક વસ્તુને બે બાજુઓ હોય છે તમે એને કેવી રીતે જુઓ છો એના પર આધાર છે કે તમે કેવા પ્રકારના અભિપ્રાય પર આવો છો... આમ ચંદ્રભદ્ર બન્ને પ્રકારના અર્થઘટનો અને પરિચય સાંભળી આનંદિત થઈ ગયા. એમણે પોતાની દ્રષ્ટિ હજી 'અપરિપક્વ' છે, 'અને હું કોઈ નગર કે વ્યક્તિ વિશે આમ ઉતાવળે અભિપ્રાય બાંધું તો વિપરિતન્યાયનું પાતક લાગે. જેથી હું આજે તો મૌન પસંદ કરીશ... પરંતુ નામ માત્રથી અડધો પરિચય પણ થતો નથી. મેં ઘણા ધનેશકુમારને નોંકરીની શોધમાં જોયા છે. એટલે નામ માત્રથી છદ્મવેશે કશુંક પ્રવેશી ના જાય એની જ કાળજી રાખવી જોઈએ. એક અવતરણ છે' આટલું કહીં એ બોલવા ગયા ત્યાં જ એકભાઈએ પુછ્યું 'એ વળી શું !' ચંદ્રભદ્રે કહ્યું, 'અવતરણ એટલે કોઈ મહાપુરુષનું વાક્ય કે આર્ષસિધ્ધાંત જે તમને જીવનના રહસ્યો સમજાવે... ' તરત જ સુનંદા પટેલે કહ્યું, 'વડીલ, આવા વાક્યોને અવતરણ નહીં પણ ગુજરાતીમાં ક્વોટેશન કહેવાય.. ' ચંદ્રભદ્ર અચાનક જ વિજળી પડી હોય એમ આકાશ તરફ જોઈને ચંદ્રને ઉદ્દેશીને બોલતા હોય એવું લાગ્યું, 'હે શશિ.. આ શું સાંભળી રહ્યો છું, અહીં અવતારની આટલી બધી કથાઓ સાંભળનાર વ્યક્તિઓ... અવતરણમાં સમજતા નથી.. એનું શું કરીશું...!' દુરના પડોશી કરોડીમલ મારવાડીએ આવીને કહ્યું, 'સા'બ.. દાલબાટી આવી ગઈ છે ...' નિરંજન મહેતાએ પોતે આઈપીએલની ફાઈનલના એમ્પાયર હોય એમ બોલ્યા, 'બોલો.. મહાનુભાવ, બન્ને પ્રકારના ભોજન ઉપલબ્ધ છે, શું આરોગશો... દાલબાટી કે દાળભાત.. '.. ચંદ્રભદ્ર જયપુરથી પરિચિત હોવાથી કહ્યું, 'આજે પસંદગી આપણે લક્ષ્મીમિષ્ટાન્નભંડારના ઘેવર અને જુનાગઢની કેસર કેરી વચ્ચે કરીશું.. પણ પહેલાં... આઈપીએલની ફાઈનલ જોઈએ...'

ચેતશો નહીં તો ઉજળા ભવિષ્યને ખાઈ જશે આ 'નશો'...!!!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

તાજા જ સમાચાર આવ્યા છે કે કચ્છના મુંદ્રા પોર્ટ પાસે ઈરાનથી મીઠું ભરીને આવેલા એક જહાજમાંથી મીઠાની કોથળીઓ વચ્ચેથી ૫૦૦ કરોડનું ૫૨ કિલો કોકેઈન પકડાયું..... અરબી સમુદ્રમાં લક્ષદ્વીપ ટાપુઓના કિનારે પ્રિન્સ અને લિટલ જીસસ નામની બે ફિશિંગ બોટમાંથી રૂ. ૧,૫૨૬ કરોડથી વધુનો ડ્રગ્સનો જથ્થો જડપાયો.... મુન્દ્રા પોર્ટ ઉપર ઈમ્પોર્ટ કરાયેલા ટેલ્કમ પાઉડરના નામે ૨૧ હજાર કરોડની કિંમતનું ૩૦૦૦ કિલો હેરોઈન ઇરૈંએ પકડ્યું.... જખૌના દરિયા કિનારે અલ મદીના જહાજમાંથી ૨૮૦ કિલો ડ્રગ્સ સાથે ૬ પાકિસ્તાની નાગરિક ઝડપાયા... મુન્દ્રાના અદાણી પોર્ટ ઉપરથી નીકળેલા જહાજમાંથી શ્રીલંકામાં ૮૦૦ કિલો કોકેઈન પકડાયું હતું, જેની કિંમત ૧૨૦૦ કરોડ....! આ તો માત્ર પાશેરામાં પહેલી પૂળીની જેમ કે હિમશીલાની ટોચની જેમ તાજેતરના જ થોડા સમાચારો છે પણ હકીકતમાં ભારતમાં ઘૂસાડાતા અને બેધડક વહેચાતા જાનલેવા ડ્રગ્સનો કારોબાર તો આનાથી પણ વધુ છે. આ તો માત્ર છીંડીએ ચડયો એ ચોર ની જેમ જાહેર થયેલા કે પકડાયેલા જથ્થાની વાત છે પણ અસલમાં દેશભરમાં આનાથી પણ વધુ ડ્રગ્સ પહોંચી રહ્યું છે.. વહેચાય રહ્યું છે અને અનેક લોકોને નશાની નાગચૂડમાં બાંધી રહ્યું છે.

ખબર નહીં કે નશાની લત માણસને આનંદ આપે છે કે દુખ ભૂલવામાં મદદરૂપ થાય છે પણ મોટાભાગે જીવનના ઝંઝાવાતોને ભૂલી જવા માટે કૃત્રિમ રીતે કોઈ જુદી જ દુનિયામાં રહેવામાં નશો મદદરૂપ થાય છે. એમ તો જાણીતા જોક્સની જેમ ઈન્સાન દુખમાં તો ઠીક પણ ખુશીમાં પણ નશો શોધતો હોય છે. ગાંજો, અફીણ કે તમાકુ જેવા ઓછા નુકશાનકારક નશાઓથી લઈને દારુ અને ડ્રગ્સ જેવા ઘાતક નશાઓ ઈનથિંગ છે પણ આ બધુ મોટાભાગના દેશોમાં પ્રતિબંધિત છે અને એમાએ ડ્રગ્સ તો લગભગ નો એન્ટ્રી માં જ આવે અને એટલે જ ડ્રગ્સનો ગેરકાયદેસર વેપાર દુનિયાભરમાં ધિકતો ધંધો છે અને કમનસીબી એ છે કે ભારત અત્યારે આ ડ્રગ્સના ગેરકાયદે ધંધાનું કેન્દ્ર અને ટ્રાન્ઝિટ પોઈન્ટ બનતું જાય છે. અસલમાં અફઘાનિસ્તાનમાં મોટા પાયે અફીણનું ઉત્પાદન થાય છે, જેમાંથી હેરોઈન બનાવીને તેને પાકિસ્તાનની સરહદ દ્વારા ભારતમાં અને ભારત થ્રુ બીજા દેશોમાં ઘૂસાડવા માટે પ્રયાસ થતા રહે છે. હકીકત એ છે કે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સાથે જોડાયેલી ગુજરાતની જમીની સરહદ અને અનેક યુવાનો ભોગ બન્યા પછી આંખ ઊઘડી હોય એમ પંજાબની સરહદ સીલ થઈ ગઈ છે. બીજું કે ભારત સરકારની આતંકીઓ પરની અસરકારક કામગીરીને લીધે કાશ્મીર રુટ પણ બંધ છે એવામાં ડ્રગ્સને ઘૂસાડવા માટે અન્ય રસ્તાઓ શોધવા જ પડે એટલે બાકી રહી ગયેલા એકમાત્ર જલમાર્ગે આ કાર્ય ચાલી રહ્યું છે એમાં પણ આંતરરાષ્ટ્રીય જળસીમામાં ભારત અને પાકિસ્તાનની બોટો સાથે જ માછીમારી કરતી હોય છે એ ઉપરાંત કંડલા કે મુંદ્રા જેવા બંદરો પરના કાર્ગોમાં એક એક કાર્ગો સઘન ચેક કરવા લગભગ મુશ્કેલ હોવાથી એનો લાભ ઉઠાવીને ડ્રગના દાણચોરો ડ્રગ ગુજરાત થ્રુ દેશમાં ઘૂસાડવાની ફિરાકમાં હોય જ છે. ગુજરાતના બંદરો ઉપર એક્સપોર્ટ અને ઈમ્પોર્ટ થકી વેપાર સતત વધી રહ્યો છે એવામાં લગભગ બધા જ કન્ટેનરનું સઘન ચેકિંગ કરવું શક્ય નથી. આ બાબતનો ગેરલાભ લઈને ડ્રગ્સની હેરાફેરી માટે સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો ઉપયોગ ટ્રાન્ઝિટ પોઈન્ટ તરીકે કરવામાં આવે છે.પણ ડીઆરઆઈ અને બીજી એજન્સીઓની ચાંપતી નજરને લીધે છેલ્લા ટૂંકા જ ગાળામાં ડ્રગ્સનો વિપુલ અને અધધ કહી શકાય એટલી રકમનો જથ્થો પકડાયો છે એમ છતાં પણ દેશમાં ડ્રગ્સનો કાળો કારોબાર વધી રહ્યો છે એ હકીકત છે. વધુ ચિંતાજનક એ છે કે પ્રવાસન માટે પ્રખ્યાત કચ્છ હવે ડ્રગ્સની હેરાફેરી માટે બદનામ થઈ રહ્યું છે.

ડ્રગ્સની માયાજાળ કેટલી ખતરનાક રીતે વિસ્તરી ચૂકી છે એનો અંદાજ એ પરથી આવશે કે નારકોટિક્સ કંટ્રોલ બ્યૂરો (એનસીબી) એ બે વર્ષ પહેલાં ગૃહમંત્રાલયને આપેલ એક રિપોર્ટ મુજબ દેશના શહેરોમાં જે ૪૦૦ મેટ્રિક ટન ડ્રગ્સનું વેચાણ થાય છે એમાં આશરે ૩૬૦ મેટ્રિક ટન રિટેલ ક્વોલિટી હેરોઈન અને ૩૬ મેટ્રિક ટન હોલસેલ ક્વોરિટી હેરોઈન હોય છે જેણે દેશના અલગ અલગ શહેરોમાં વેચાય છે. અને આનાથી પણ વધુ ગંભીર વાત એ છે કે દરરોજ આશરે ૨૦ લાખ લોકો એક હજાર કિલો હાઈ ક્વોલિટીના હેરોઈનનો ભારતમાં નશો કરે છે. આ તો માત્ર સરકારી આંકડા છે, સાચો આંક